શ્રી સુર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનીષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિધ્ધિ

RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL. - 14 ISSUE NO. - 13 AUGUST - 2023 PAGES - 40

શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે,
કુવો ખોદો તો આખી સરિતા નીકળે.
જો જનક જેવા આવીને અહીં હળ હાંકે
તો હજી આ ધરતીમાંથી સીતા નીકળે.
સાવ અલગ જ તાસીર છે આ ભૂમિની,
કે મહાભારત વાવો તો ગીતા નીકળે.





માલિક
શ્રી લોહાણા મહાપરિષદ
પ્રકાશક/પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તાત્કાલિન પ્રમુખ : પ્રવીણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાંત જે. તન્ના
સહતંત્રી : મીનાબેન મગદાણી
વ્યાવસ્થાપક : હરીશ બી. ઠક્કર

શ્રી લોહાણા મહાપરિષદ
પત્રવ્યવહારનું સરનામું:
રજીસ્ટર્ડ ઓફિસ:
**શ્રી લોહાણા મહાપરિષદ**
શ્રી લોહાણા કન્યાશાળા,
નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૮૦. ભારત
ફોન નં : ૯૧ ૨૨ ૨૫૬૧૭ ૯૨૫૦
મો. : ૭૯૭૭૯૫૮૩૩૦

સભ્ય પદ:
આજીવન લવાજમ
(ભારત) : રૂા. ૨,૦૦૦/-
આજીવન લવાજમ :
(ભારતની બહાર) રૂા. ૮,૦૦૦/-

ઈમેલ:
contact@lohanamahaparishad.org

વેબસાઈટ:
www.lohanamahaparishad.org


શ્રી રઘુકુળ વિશ્વમાં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો પર આધારિત છે. જે બાબતે શ્રી રઘુકુળ વિશ્વ કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

# અનુક્રમણિકા

૧. માતૃસંસ્થાની અટારીએથી ..... ૧
૨. તંત્રી સ્થાનેથી ..... ૩
૩. LMP પ્રમુખશ્રી સતિષભાઇ વિઠલાણીની અમરાવતી મુલાકાત તથા વિદેશ પ્રવાસ ..... ૫
૪. અયોધ્યામાં બિરાજશે શ્રી રામ લલ્લા ..... ૭
૫. LMP આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર ..... ૯
૬. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતી મીટીંગ ..... ૧૦
૭. શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ વિભાગ ગૃહ ઉધોગ દ્વારા પ્રદર્શની અને વેચાણ.. ૧૫
૮. मध्य भारत विभाग, जोन ११ - रीजन २ ..... ૧૭
૯. આણંદ ખેડા રીજીયન દ્વારા ખેડા લોહાણા મહાજનની સ્થાપના ..... ૧૯
૧૦. ભાવનગરની મુલાકાતે શ્રી પંકજભાઇ ઓંન્ધીયા ..... ૨૧
૧૧. શાબાશ રઘુવંશી ..... ૨૨
૧૨. કોંકણ વિભાગ તથા શ્રી કલ્યાણ લોહાણા મહાજન દ્વારા ઈન્ડોર ગેમ ૨૦૨૩ ..... ૨૪
૧૩. મહારાષ્ટ્ર ઝોન દ્વારા વિવિધ સરકારી યોજના અગેં માર્ગદર્શન ..... ૨૬
૧૪. શ્રી લોહાણા યુવા સંગઠન - જુનાગઢ ..... ૨૯
૧૫. શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ ૨૦૨૩ ..... ૩૦
૧૬. લગ્ન સેતુ ..... ૩૧
૧૭. શ્રી લોહાણા મહાપરિષદ જોબ્સ પોર્ટલ ..... ૩૨
૧૮. LIBF EXPO ..... ૩૩
૧૯. સપ્તમ કારોબારી સમિતિ સભાની આગોતરી જાણ ..... ૩૭

માતૃસંસ્થાની અટારીએથી...

# માતૃભુમિ અને માતૃસંસ્થા: કર્તવ્ય અને ધર્મ



વ્હાલા સૌ જ્ઞાતિજનો......

સૌને જય રઘુવંશ...... જય જલારામ...... જય મહાપરિષદ......

ગત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આપણે આપણી માતાતૂલ્ય ભારતમાતાની સ્વતંત્રતાના ૭૭માં વર્ષને ઉજવી તેની વંદના કરી, માતૃભૂમિની રક્ષા કાજે બલિદાન આપેલા વિરશહિદો ને યાદ કર્યા તેમજ સમગ્ર વિશ્વમાં એક અનોખી રીતે ઉભરી રહેલા આપણા દેશના ગૌરવગાન પણ કર્યા. પોતાની નિષ્ઠા, સમર્પણ, અવિરત અને અથાગ મહેનતથી વિશ્વનેતા તરીકે ઉભરેલા આપણા માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી ને લાલ કિલ્લા પરથી દેશની ઉપલબ્ધીઓ, ચુનોતિઓ, સફળતાઓ અને પ્રકલ્પો દ્વારા પ્રાપ્ત થયેલી સિદ્ધિઓના ગુણગાન સાંભળ્યા ત્યારે આપણને પણ દેશની પ્રગતી અને વિકાસમાં સહભાગી બનવાનું સુરાતન આવેજ એ સ્વાભાવિક છે. જે દેશ અને જે માટીમાં આપણે જન્મ લીધો, જે ધરતી પર આપણો ઉછેર થયો, કારકીર્દી ઘડતર થયું અને એ દેશ થકી જ આપણે અત્યારે જે કંઈ પણ છીએ તેનું ઋણ અદા કરવું એ આપણું કર્તવ્ય છે, આપણો નૈતિક ધર્મ પણ છે.

ભાઈઓ - બહેનો, ભારત જેમ આપણી માતૃભૂમિ છે તેમ શ્રી લોહાણા મહાપરિષદ એ આપણી માતૃસંસ્થા છે. માતૃભૂમિની જેમ માતૃસંસ્થાના વિકાસ અને ઉન્નતી માટે, જ્ઞાતિની ઉન્નતી માટે, સતત મથતા રહેવું, પ્રયત્નશીલ રહેવું એ આપણું કર્તવ્ય અને ધર્મ છે. આ માટે જે સાચું હોય છે તે જ સારું કે ભદ્ર હોય છે એ ખ્યાલ આપણા સૌ રઘુવંશી ભાઈઓ - બહેનોમાં દ્રઢ થાય તે અનિવાર્ય છે. આપણું કર્તવ્ય અને ધર્મ એ પણ છે કે આપણે સૌની પાસેથી સારું લઈએ ને સૌને સારું આપીએ. સૌમા સારું જોઈએ અને સૌને સારું કહીએ, સૌનું સારું સાંભળીએ અને સૌને સારું બતાડીએ, સૌનું સારું કરીએ ને સૌને સારા લાગીએ. આ સુઝ, આ સમજ આપણામાં તો જ આવે જો આપણે નકારથી વિમુખ થઈ હકારની અભિમુખ અને સકારની સન્મુખ થઈએ. સંસ્કૃતનો એક સુંદર શ્લોક છે:

उपकर: परो धर्म:परोऽर्थ: कर्मने पुणम।

पात्रे दानं पर: काम: परो मोक्षो वितुष्णाता।।

અર્થાત : જીવનમાં ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - સાધવાના હોય છે. તેમાનું સાચું સ્વરૂપ બતાવતા કહે છે કે સૌથી ઉત્કૃષ્ઠ ધર્મ છે પરોપકાર. બીજો પુરુષાર્થ કે કર્તવ્ય છે અર્થ - એટલે ધન અને સાધન મેળવવું તેમા સાચો અર્થ છે. સુપાત્રે દાન કરવું તે ત્રીજો પુરુષાર્થ અને તૃષ્ણાને સદંતર છોડી દેવી તે ચોથો પુરુષાર્થ છે.

વ્હાલા જ્ઞાતિજનો, માતૃસંસ્થા મહાપરિષદના માધ્યમથી આપણે આપણો પ્રથમ ધર્મ - શ્રેષ્ઠ ધર્મ પરોપકારને વિવિધ પ્રકલ્પોના સંકલ્પો દ્વારા અપનાવી આપણું કર્તવ્ય નિભાવી રહ્યા છે. શિક્ષણ અને આરોગ્યના પ્રકલ્પો થકી અસંખ્ય જ્ઞાતિજનોના જીવનની પ્રગતીમાં સહભાગી બન્યા છે, તો લોહાણા કનેકટ, જોબ પોર્ટલ, લગ્નસેતુ, મહિલા સશક્તિકરણ, આધ્યાત્મિક વિકાસ, યુવા વિકાસ, આંતરરાષ્ટ્રીય એવોર્ડથી બહુમાન, પર્યાવરણ જાગૃતિ, થેલેસેમિયા જાતૃતિ, LIBF જેવા અનેકવીધ પ્રકલ્પો દ્વારા આપણું કર્તવ્ય અને ધર્મ નિભાવવાના સતત અને સઘન પ્રયત્નો કરી રહ્યા છીએ ત્યારે સમગ્ર વિશ્વમાં વસતા સૌ રઘુવંશી ભાઈ - બહેનોને હું આપણી માતૃભૂમિ મા ભારતીના અમૃતકાળની શુભકામનાઓ પાઠવું છું અને સાથે નમ્ર અપીલ કરું છું કે માતૃસંસ્થા શ્રી મહાપરિષદના માધ્યમથી આગામી ડિસેમ્બર માસમાં જામનગર ખાતે યોજાનાર કારોબારી સમિતિ બેઠક, જાન્યુઆરી ૨૦૨૪ માં યોજાનાર LIBF EXPO તેમજ આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહને સફળ બનાવવા આપણે સૌ સાથે મળી જ્ઞાતિમૈયાના ખોળામાં આપણા કર્તવ્ય અને ધર્મ થકી યથાશક્તિ સમર્પીત થઈને સહભાગી બનીએ.

**સતિષ ડી. વિઠલાણી**
પ્રમુખ

તંત્રી સ્થાનેથી...

# શ્રી કૃષ્ણ: જીવનપથ ના માર્ગદર્શક



જન્માષ્ટમી એટલે પરમેશ્વરના આઠમાં અવતાર સ્વરૂપ શ્રી કૃષ્ણની વર્ષગાંઠ. કંસ, શિશુપાલ, શલ્ય અને જરાસંઘ જેવા તત્કાલીન આતંકવાદી શાસકોના ત્રાસથી મથુરા, ગોકુળ, વૃંદાવન, સહિતની ભૂમિને મુક્ત કરવા જન્મેલા યુગ પુરુષ તે શ્રી કૃષ્ણ. અધર્મીઓ, અનૈતિકો અને દુરાચારી 'અસાધુઓ' ને દંડિત કરી માનવતા, પ્રેમ અને સેવા ભાવનાથી પુનઃ ધર્મજયોતને પૂર્ણ પ્રકાશિત કરવા પરમાત્માનો પ્રેમદૂત બની ધરતી પર આવેલી મહાન વિભૂતિ એટલે ભગવાન શ્રી કૃષ્ણ.

શ્રી કૃષ્ણનો જન્મ ભગવાન શિવના શ્રાવણ મહિનામાં ઉજવાય છે તે પણ એક અનોખો સંગમ છે. બંને મોક્ષનો માર્ગ અર્પે છે. એક વૈરાગ્યથી અને બીજા જીવનને ઉત્સવ અને ઉજવણીની યાત્રા સાથે. ભગવાન શિવ ભોળા અને ભગવાન શ્રી કૃષ્ણ અંતરમન અને હૃદય થી તો ભોળા જ પણ વ્યવહાર જગતમાં કોઈ ચાલાકી કરે, અન્યોનું શોષણ કરે, રંજાડ પહોચાડે તો શામ, દામ, દંડ, ભેદથી અધમ તત્વોને ઠેકાણે પાડી નાખવામાં વાર ન લગાડે.

શ્રી કૃષ્ણને રાસના રચવૈયા કહો કે ગીતાના ગજવૈયા, પંચજન શંખના બજવૈયા કહો કે ભક્તિ માર્ગના ભજવૈયા, તેને તમે કંસનો કાળ કહો કે ગોપ-ગોપીઓના હૃદયનો હાર, સંબંધની શાન કહો કે મૈત્રીની આન અને આપેલા વચનની બાન, કૃષ્ણના આ બધા જ સ્વરૂપો અને વિશેષતાઓ લૌકિક જગત માટે, આપણા સૌ માટે પથદર્શક છે. તેઓની ખૂબીઓ તે આપણને કૃષ્ણનો જીવન સંદેશ છે.

આ રહી શ્રી કૃષ્ણની કેટલીક વિશેષતાઓ જે આપણા માટે બની શકે જીવન સંદેશ :

૧. બાળકૃષ્ણનું સ્વરૂપ પારાવાર દુઃખને પ્રબળ સુખમાં ફેરવી નાખનારું આનંદસ્વરૂપ છે. પોતાની મુશ્કેલીઓ માટે બીજાને અપયશ આપવાને બદલે પોતે અપયશ વહોરીને બીજાને યશ આપનારું સ્વરૂપ છે અને એ રીતે કૃષ્ણ જન્મ કહે છે કે દુઃખમાં અને સુખમાં ચિતેશાંતિ ધારણ કરીને સુખ અને દુઃખને પાર જવું અને આનંદના ભાગી બનવું!!

૨. કૃષ્ણ નંદબાબા અને યશોદાના વત્સલ પુત્ર તરીકે રહ્યા પણ ક્યારેય માતા-પિતાનું અપમાન નથી કર્યું. માતા ગોપીઓની ફરિયાદ સાંભળી કૃષ્ણને દોરીએ બાંધે પણ કૃષ્ણને માતા યશોદા પ્રત્યે લેશમાત્ર રોષ નહી અને વસુદેવ અને દેવકીને પણ ભક્તિભાવથી ભીંજવ્યા. દાદા ઉગ્રસેનનો પણ આદર કરી તેમને પુનઃ મથુરાની ગાદી પર પ્રસ્થાપિત કર્યા. ત્યાગ એ કૃષ્ણના વ્યક્તિત્વનું સૌથી મોટુ ભૂષણ છે.

3. કૃષ્ણનો માતૃપ્રેમ તેવો જ અનન્ય મિત્ર પ્રેમ. મિત્રોને માખણ ખવડાવવા એ ''માખણ - ચોર''

ની બદનામી સહી લે છે. મિત્ર સુદામાના પૌઆ આરોગી એનો અસાધારણ બદલો વાળી આપે છે, અને એ રીતે જગત સમક્ષ આદર્શ મૈત્રીનું ઉદાહરણ આપે છે.

૪. કૃષ્ણ મોહગ્રસ્ત નહીં, વાસના મુક્ત અમર પ્રેમનો સંદેશો આપે છે. સાચો પ્રેમ પ્રેયસીને મહાનતા અર્પે છે. કૃષ્ણએ પોતાના કરતા રાધાના નામને વધુ મહત્વ અપાવ્યું. એકલા કૃષ્ણના નામનું સ્મરણ કરવાને બદલે ''રાધે-કૃષ્ણ'' કહીને જગતમાં આ અમર પ્રેમને ગૌરવ પ્રદાન કર્યું છે.

૫. કૃષ્ણ કાયરતાના પૂજારી નથી પણ પરાક્રમનું મૂર્તિમંત સ્વરૂપ છે. બાળસ્વરૂપ હોવા છતા કાલિનાગનું જે રીતે ઝેર ઉતારી અને જમનાજળને વિષમુક્ત કરી ભાગી જવાની સલાહ આપી એ કૃષ્ણનું અદભૂત પરાક્રમ છે. કંસે મોકલેલા અનેક રાક્ષસોને કચડી નાખ્યા અને કંસના દરબારમાં પણ ચાણૂર જેવા રાક્ષસોનો ખાત્મો કરી દીધો. પોતાના જીવન દ્વારા સંદેશો આપ્યો કે દુશ્મન ગમે તેટલો બળવાન હોય પણ આપણે હિંમત હારવી જોઈએ નહીં.

૬. કૃષ્ણ પરોપકારી છે. ઉપકારનો બદલો અતિ ઉપકારથી વાળે છે. એટલે પોતાનું સ્વાગત કરનાર કંસની ચંદનવાહિની ને અંગદોષથી મુક્ત કરી ઉપકારકર્તાનું ઋણ ચૂકવવાનો સંદેશ આપે છે.

૭. કૃષ્ણ સેવાભાવી છે. એ ગૌસેવા પણ કરે છે અને મહાભારતના યુદ્ધ વખતે થાકેલા અશ્વોની સારસંભાળ રાખી તેમને સ્નાન કરાવે છે. યુધિષ્ઠીરના યજ્ઞ વખતે એઠાં પતરાળાં ઉપાડે છે. આમ, તેઓ સંદેશ આપે છે કે કામ કોઈ નાનું કે મોટું નથી, સેવાની ભાવના હોય તો અહમ અને મોટાઈ છોડી દિલથી સેવા કરવી જોઈએ.

૮. કૃષ્ણમાં વીરોચિત ક્ષમાભાવના છે. એટલે દ્રોપદીના પાંચ પુત્રોનો વધ કરનાર અશ્વત્થામાને મારી નાખવાને બદલે અર્જુનને તેને જીવતો જવા દેવાની સલાહ આપે છે. પોતાને તીરથી હાની પહોંચાડનાર શિકારીને પણ તેઓ માફ કરે છે.

૯. કૃષ્ણનો જીવન પરત્વે પણ હંમેશા ''પ્રેકટીકલ'' અભિગમ રહ્યો છે અને તેથી પાંડવો વતી દુર્યોધન પાસે સંધી પ્રસ્તાવ લઈને જાય છે ત્યારે દુરાગ્રહને બદલે ''છેવટે પાંચ ગામો આપો'' કહીને સંઘર્ષ ટાળવાની કોઠાસુઝ બતાવી લૌકિક જીવનમાં આપણને સંઘર્ષમાં ઉતરવાને બદલે ટાળવાનો સંદેશ આપે છે.

૧૦. કૃષ્ણ ક્રોધ કરે છે પણ એમનો ક્રોધ સાત્વિક હોય છે, વેરવૃત્તિથી મુક્ત હોય છે. સંધી-પ્રસ્તાવ વખતે પોતાને કેદ કરવાની નફ્ફટાઈ કરનાર દુર્યોધન મહાભારતના યુદધ પૂર્વ કૃષ્ણની મદદ માગવા આવે છે ત્યારે તેને તેની માંગણી મુજબ પોતાની અક્ષૌહિણી સેના આપે છે.

મિત્રો, પરમતત્વ કૃષ્ણ જેવા ગુણસાગર તો આપણે ન થઈ શકીએ પણ તેમાના થોડાક અપનાવી ગુણગાગર તો થઈએ. તેથી જન્માષ્ટમી એટલે કૃષ્ણના પુર્નજન્મની પ્રતિક્ષા કરવાનું પર્વ નહી, પણ આપણા અંતઃકરણમાં કૃષ્ણત્વ પ્રગટાવવાનું પર્વ છે. સૌને કૃષ્ણત્વ પામવાની હાર્દિક બધાઈ સહ જય શ્રી કૃષ્ણ...

**પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીની લોહાણા મહાજન અમરાવતીની મુલાકાત

માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદના પ્રુમખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ તાજેતરમાં અમરાવતી લોહાણા મહાજનની મુલાકાત લીધી હતી. તેઓની સાથે ઝોનલ પ્રેસીડિન્ટ વિર્દભ નિલેશભાઈ ગઢીયા, રિઝનલ પ્રેસીડિન્ટ ચંદ્રકાંતભાઈ પોપટ, રિઝનલ પ્રેસીડિન્ટ નાગપુર શ્રી નિલેશભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિ રિઝનલ પ્રમુખ શ્રી સુરેશભાઈ વસાણી પણ જોડાયા હતાં. લોહાણા મહાજન અમરાવતી ના પ્રમુખ શ્રી અરૂણભાઈ આડકીયા અને તેમની ટીમે સૌને આવકારી જ્ઞાતિ વિકાસ પ્રકલ્પોની ચર્ચા કરી હતી.










# MY VISIT TO UK & USA

Dear Fellow Lohanas,

I am glad to inform you all that I would be visiting UK & USA. My schedule is as under :

**UK**

**1. Mumbai - London 20.09.2023 to 23.09.2023**

Bharatbhai Sodha, the Zonal President of LMP, is arranging meeting with our community on 22.09 evening or on 23.09 late morning. Meenaben Jasani (President LCNL), Pannaben, (Vice Chairperson Award Committee), Subhashbhai Thakarar (LMP Convener Business Development Committee) too are helping organising various meetings with businessmen / professionals and others.

**USA**

**1. NYC / NJ 24.09.2023 to 27.09.2023**

Jaydeepbhai Manek, (The regional president LMP) is arranging the meeting with our community members tentatively on Sunday, the 24.09 early evening. I shall appreciate presence of my fellow lohanas residing in and around NYC / NJ to spare time to interact.

**2. Washington DC 28.09.2023 and 2.10.2023**

(busy in WCF at DC from 28.09 to 1.10). Meeting with our community members is being arranged by Madhusudanbhai Thakkar.

**3. Chicago from 3.10.2023 to 6.10.2023**

Kiritbhai Pujara, (The regional president of Sh. Lohana Mahaparishad) is arranging the meeting. I shall love to meet and interact with fellow lohanas residing in and around Chicago. It would be good to interact.

**4. La from 7.10.2023 to 10.10.2023**

Shri Surubhai Manek, (The zonal President LMP USA) and Sanjaybhai Khetani, (The regional president LMP) are arranging meet and greet either on 7.10 evening or on 8.10. I shall love to meet and interact with fellow lohanas residing in and around LA.

**5. Houston from 10.10.2023 to 13.10.2023**

The objective of the visit is to explain the initiatives / activities of Shree Lohana Mahaparishad and also understand the aspirations of our global community as well as personally invite you to LIBF (Lohana International Business Forum) Expo 2024 being held at Gandhinagar, Gujarat India from 18.01.2024 to 21.01.2024 that is immediately after Vibrant Gujarat summit and international Kite festival.

Looking forward
With best wishes,

Jai Sia Ram
Jai Sri Krishna
Jai Jalaram

**Satish Vithalani**
President
Shree Lohana Mahaparishad (LMP)

# અયોધ્યામાં બિરાજશે શ્રી રામ લલ્લા શ્રી ગિરીશ ડ્રેસવાલાની કલમે પ્રમુખ LMP આદયાત્મીક સંસ્કાર કેન્દ્ર



**નવતર સ્વપ્નોની સૃષ્ટિ સંઘર્ષની યાત્રામાં દિવ્યતાનો અનુભવ કરી.**

परित्राणाय साधूनां विनाशााय च दुष्कृताम्। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे।।
सत्पुरुषों की रक्षा करने के लिए, दुष्कर्म करने वालों दुष्टों के विनाशा के लिए
और धर्म की पुनः स्थापना करने के लिए मैं (श्री कृष्ण) प्रत्येक युग में जन्म लेता हूं।

**૧૫ ઓગસ્ટ આઝાદીની ૭૭ વર્ષના સહુને ખૂબ ખૂબ અભિનંદન. શિલ્પકાર શિલ્પથી પ્રતિમા ઘડે તે મુજબ આઝાદીના ઘડવૈયાઓ તેમનાં ‘‘રામરાજય’’ જેવાં જ આઝાદ ભારત માતાનાં સ્વપ્નો જોયા હશે. અયોધ્યામાં શ્રી રામલલ્લાની પ્રતિમાની પ્રતિષ્ઠા ભવ્ય રૂપે અયોધ્યા શ્રી રામ મંદિર મધ્યે ભવ્ય સમારોહથી ઉજવાશે, તે ભારતની અસ્મિતાનાં દર્શન કરશું, આપણા રઘુવંશી હોવાનું ગૌરવ લેશું.**

शिल्पी छैनी से करे, सपनों को साकार,
शिल्पकार पत्थर से रचें, ईश्वर मूर्ति आकार,
माटी रख चाक पर, घडा घडे कुम्हार,
श्री राम बिराजें अयोध्या,
‘‘आझाद भारत’’ पाय पुनित पावन संस्कृती, हो रहा है नव निर्माण!
जय हो मेरे रघुवंशी ! जय हो!!
मेरा भारत महान !!!

**ભગવાન રામના રાજયભિષેક ચૌદ વર્ષનાં વનવાસ બાદ સંપન્ન થવાનો છે, તેનું ધ્યાન કરીયે.**

**સતયુગ રઘુવંશી પરંપરાના વિતી ગયેલા વંશજોના રાજવીઓ, સમ્રાટો, ત્રણે લોકમાં વસેલા દેવ દેવતા સમસ્ત બ્રહ્માંડ આકાશ - પાતાળ - પૃથ્વી લોકમાં સૃષ્ટિ સોળે ખીલી હોય, પ્રકૃતિ ઝાડ-પાન - ફળ ભૂમીમાં કદાચ કયારે જોવામાં ન આવ્યા હોય - ન ખીલ્યાં હોય તેવા સુગંધીત પુષ્પો, પશુઓ ઉછળતાં ત્રાડથી ધરા અવનવો અનુભવ કરતી હોય, હિમાલય અને બીજી અનેકાનેક ગિરિશિખરો હરિયાળી પાથરી, મોર ઢેલ કૃષ્ણપ્રિય મોરપીંછની કળાથી નૃત્ય કરતાં હોય, જળચર પ્રાણીઓ નિર્મળ સાગરમાં બહાર ડોકાતા હોય, ‘સોળે કળાએ સૃષ્ટિ’ ‘સ્વાગત હો! સ્વાગત હો!**

**‘અયોધ્યાપતી રાજારામ જય હો જય હો’ નો નાદ દશ દિશાઓથી ગુંજતો હોય!! તેવી પાવન ઘડીના સાક્ષી જેવી જ અનુભૂતી અયોધ્યાના ભવ્ય પરિસર મંદિરના ગર્ભગૃહ વાજતે ગાજતે ભગવાન શ્રી રામલાલ બીરાજમાન જાન્યુઆરી ૨૪ ના કરાશે.**

।। रमन्ते योगीन; अस्मिन इति रामः।।

**‘રામ’ ના આ પાવન નામનું ઋષિએ ભગવાનને મનોમન નમન કર્યું જ હશે. સાર્થક રામ નામનો અર્થ પ્રથમ સમજીએ પરમ યોગીજન પુરૂષ જેમાં આત્માનંદ - બ્રહ્માનંદ અને પરમાનંદ રમણ કરતાં હોય તે છે ‘રામ’ નામ! પ્રત્યેક જીવન સ્વરૂપ રામ છે. ઈશ્વર પ્રાપ્ત કરવાના પૂર્ણ કોડ સિવાય**

આપણાં ભાવુક હ્રદયે બીરાજમાન શ્રી રામ થશે તે રોમાંચથી સહુ થનગની રહ્યા છે.

રઘુવંશી શ્રી રામ આપણાંથી જુદા, તે છે આપણું અજ્ઞાન! એમના અંશની રીતે જોડાયેલા જ છીએ. અંશ અંશી ભાવથી જ્ઞાનનો ઉદય કરવાનો છે, અને તે તમારા અંતરાત્મામાં વસેલ રામ પરમાત્મા જ છે તે, જ્ઞાનની ચરમાવસ્થા છે. ચાલોને આ અંતરગની રંગોળીની ભાત જીવનમાં ભરીયે,

''एक राम दशरथ का बेटा, इक राम घट घट में लेटा,
एक राम है जगत पसारा, एक राम है जगत से न्यारा'"

વેદાંત ની સૃષ્ટિએ સમજીએ,

જે દશરથજીના પુત્ર છે, તે છે સગુણ સાકાર, તે દેશ - કળા - પરિસ્થિતિથી ભીન્ન છે. રામાવતારમાં તત્વરૂપે જીવોના કલ્યાણ અને ઉદ્ધાર માટે અવતર્યા છે.

જેઓ ઘટ ઘટમાં આળોટયા છે, તે અંતર્યામી રૂપે સગુણ નિરાકાર છે.

આ જ તો છે વેદાંતમાં દર્શાવેલ ઈશ્વરીય પૂર્ણ તત્વ શ્રી રામ!

જેઓ વિશ્વકર્મા રૂપે ફેલાયેલા છે, તેને બે રીતે સમજી શકીશું: એક તો વિશ્વ સૃષ્ટિ કર્તા રૂપે, અને એક છે પ્રતિમા (મૂર્તિ) વિગ્રહની રૂપે!

ઉપાસનામાં આ ઉપાસ્ય, નિર્ગુણ નિરાકાર શ્રી રામ કહી શકાય!

ત્રીજી વ્યાખ્યામાં મંદિર મધ્યે મૂર્તિપૂજા પ્રાર્થનામાં તેવો ઉપાસના રૂપી સાધન અને ઈશ્વરી આરાધના રૂપી ઉપાસક દ્વારા પરમ પુરુષોત્તમ (અધીક માસમાં મહત્વ ઘણું કહી શકાય) શ્રી રામમાં ઓતપ્રોત થઈ જવું, તેમાં શાંતિ પ્રાપ્ત કરી લેવી, આ છે આપણું પરમ લક્ષ્ય!

આધ્યાત્મિકતાની સાથોસાથ સંસ્કારને કેન્દ્ર બનાવીએ તો જ ભારતમાતા અને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સાચા સંતાન હોવાનું ગૌરવ પ્રાપ્ત કરી શકીશુ.

प्रार्थना में हम ईश्वर से बात करते हैं, और।
ध्यान में ईश्वर हमसे बार करता है,

ઘટના, પ્રાર્થના અને ધ્યાન ઈશ્વર સમર્પિત ભાવથી હશે, તો જીવનમાં પળ પળ ઈશ્વર જ પથ દર્શક રહેશે અને શ્રી રામ હ્રદય દ્વારે બિરાજશે.

સનાતન ધર્મની ઉર્જા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિશ્વના નકશા પર ભારતને ઉચ્ચ સ્થાન આપવાનું મહાન કાર્ય, અયોધ્યા મધ્યે ભગવાન શ્રી રામ મંદિર પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ દર્શન થાય તેવી અભ્યર્થના સાથે.

આ વિરલ ઘટનાના આપણે સહુ સાક્ષી બનશું, તે ખરેખર આ જીવનની સુવર્ણ પળ હશે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણીનાં નેતૃત્વમાં દેશવિદેશ અવિરત ઉત્તમ લક્ષ્યથી સમાજલક્ષી શુભકાર્યોમાં નવનિતમ વિચારોથી જ્ઞાતિ ગંગાને હંમેશા પવિત્રતા બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના.

**જયશ્રી રામ જય જયકાર જલારામ !**

**વંદન હો યોગજી મહારાજ !!**

# LMP આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર

LMP આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર આયોજીત વિશ્વભરના રઘુવંશીઓ માટે પ્રેરણાદાયક આધ્યાત્મીક જ્ઞાનયજ્ઞ આગામી Zoom / You Tube થી થનારા કાર્યક્રમોની સૂચી મહિનામાં આવતી દરેક એકાદશી (અગિયારસ) ઉત્તર મહારાષ્ટ્ર રીજનના સહયોગથી નાશિક લોહાણા મહાજનના સંયોજીત પૂજય ગોસ્વામી ૧૦૮ શ્રી પરેશકુમાર બાવાસાહેબ (શ્રી વલ્લભપીઠ મહાપ્રભુ – નાશીક) ની પુનીત ઉપસ્થીત રહે છે. ગીતાના ૧૮ અધ્યાયોનું પઠન સાથે તેનાં અર્થ ઉપરાંત જીવનમાં કઈ રીતે ઉપયોગી થઈ શકે તેની સમજણ લગભગ બે વર્ષ સુધી આપવામાં આવી હતી. છેલ્લાં છ મહિનાથી ।। નિત્ય પ્રાર્થના તથા સુભાષિતો।। વિષયથી પ્રવચનનો લાભ મળી રહ્યો છે. તેમાં અનેક રઘુવંશી દેશવિદેશથી આનો લાભ લઈ રહ્યા છે.

સમય : સાંજના ૮ થી ૯ (અગિયારસના દિવસે) વિશેષમાં પૂજય જે. જે. ની અનુપસ્થિતિ હોય ત્યારે મહાભારતનાં અમર પાત્રોનાં દર્શન પ્રસિદ્ધ પ્રવચનકારક આદરણિય શ્રી જીતેન્દ્રભાઈ દવે દ્વારા લાભ મળતો રહે છે.

નાના બાળકોમાં શુભ સંસ્કાર રોપવા LMP આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર દ્વારા આયોજીત ‘‘બાલ સંસ્કાર ગુંજન’

વક્તા : બેનશ્રી નમસ્વી ભૂપ્તાણી (પંડયા)

લોહાણા સમાજના બાળકો માટે ૧૨ વર્ષથી નાની ઉંમરથી જ હિંદુ ધર્મ અને જીવનશૈલી જાણવાની સાથે નિત્ય પ્રાર્થના - ગીતા શ્લોકોનું શુદ્ધ ઉચ્ચાર સાથે પઠન તેના અર્થ સાથે સ્ફૂર્તિ આપે તેવા બાળકો માટે ઉત્સાહ સાથે સંસ્કાર સિંચનના ધ્યેય ધરાવતા કાર્યક્રમો ફક્ત રજીસ્ટ્રેશન કરેલ હોય તે જ બાળક બાલ સંસ્કાર ગુંજનમાં જોડાય શકે છે.

રજીસ્ટ્રેશન ફોર્મ માટેની વિગત :-

મોટી સંખ્યામાં લોહાણા ભાઈ બહેનો LMP આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્રમાં જોડાયા છે. તે માટેની વિગતોના LMP ASK ઈમેલમાં નામ અને મોબાઈલ નંબર મોકલશો જેથી જાણી શકાશે.

http://tiny.cc/lmpbalsanskargunjan

# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતી મીટીંગ



શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા સમિતીના યજમાન પદે અમરાવતીના આંગણે તારીખ રવિવાર, ૨૭.૭.૨૦૨૩ જુલાઈના મહેશ ભવન બેન્કવેટ હોલમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષા તથા ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણીના અધ્યક્ષ સ્થાને તેમજ શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ આદરણીય શ્રી સતિષભાઈ વિઠલાણીના પ્રમુખ ઉપસ્થિતીમાં મળેલ હતી.

આયોજીત મિટિંગમા નવી મુંબઈ થી શ્રીમતી શિલ્પાબેન કારીયા અને આશાબેન મણીધર, નાસિક થી જયોતિબેન રાઈચુરા તથા શીતલબેન રાઈચુરા, નાગપુર થી શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોનલ અધ્યક્ષ શ્રી નિલેશભાઈ ગઢીયા, નાગપુર રિજનલ અધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર અને અમરાવતી રિજનલ અધ્યક્ષ ચંદ્રકાંતભાઈ પોપટ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૧૦.૦૦ વાગે મીટીંગની શરૂઆત થઈ હતી. વિદર્ભ મહિલામંત્રી શ્રીમતી શીલાબેન હિંડોચા એ સૌને આવકાર્યા હતા. રઘુવંશી ધ્વજવંદન ગીત બાદ રાશીબેન આડતીયાએ ગણેશ વંદના પ્રસ્તુત કરી હતી અને કૃપાલીબેન ઠક્કરે મીઠા અવાજમાં દીપ વંદના પ્રસ્તુત કરી હતી.





નાગપુર રિજનલ મંત્રી શ્રીમતી અલકાબેન પલણે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને ત્યારબાદ યજમાન મહિલા સમિતિ દ્વારા સહુ માનવંતા મહેમાનોનું યથોચીત સ્વાગત કરવામાં આવ્યું હતું. અમીબેન



આડતીયાએ દોરેલ શ્રીમતી રશ્મિબેનનું સુંદર રેખાચિત્ર, તેમને ભેટ કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રમુખ કવિતાબેન કારીયાએ સૌનુ કાવ્યમય રીતે સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ મહિલા અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટે તેમના અધ્યક્ષિય ઉદબોધન સાથે સહુ મહેમાનેનું અભીવાદન કરી બહેનોને પ્રોત્સાહન વર્ધક વકતવ્ય દ્વારા મહિલા ઉત્થાનના કાર્ય કરવા આગળ વધવા બાબત મહાપરિષદના વિવિધ ઉપક્રમની જાણ કરી હતી.

ત્યારબાદ રીજનલ અધ્યક્ષ નાગપુર થી જયશ્રીબેન ઠક્કર, અમરાવતી થી શ્રીમતી રાધાબેન રાજા, અકોલા થી શ્રીમતી સોનલબેન ઠક્કર તેમજ વિદર્ભ વિભાગના ગૃહ ઉધોગ સમિતિના અધ્યક્ષ નેહાબેન રાજા એ પોતાના કાર્યની ટૂંકમાં જાણકારી આપી હતી. આ સમય દરમિયાન ભાગવત કથા વાચક મહારાજ શ્રી નરેશભાઈ રાજયગુરુનું આગમન થયું હતું. ત્યારબાદ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ ઉદબોધન કરતા વિદર્ભમાં થયેલ કાર્યોના વખાણ કર્યા હતા અને જ્ઞાતી બહેનોને પોતાના હુન્નરથી આગળ વધી કેવી રીતે પગભર થવું જોઈએ તે બાબત જાણકારી આપી હતી.








ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, થેલેસેમીયા, રમતગમત, આર્ટ એન્ડ કલ્ચર આ તમામ પેટા સમિતીઓએ જ્ઞાતીહિત માટે કેવી રીતે કાર્ય કરી બહેનો - દિકરીઓને આગળ લાવી શકાય અને તે બાબત શિબિર અને વિવિધ આયોજન કરવા બાબતની જાણકારી પોતાના ઉદબોધનમા રજુ કરી હતી.



મિટિંગ દરમ્યાન મંચ ઉપર તેમના હસ્તે રાલેગાંવ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સતિષભાઈ વિઠલાણીએ આર્ટ ઓફ લિવિંગ બાબત ટૂંકમાં માહિતી આપી હતી અને રેખાબેન સાલવ, અમરાવતીના આર્ટ ઓફ લિવિંગના આશ્રમના ટિચરે સવિસ્તાર જાણકારી આપી હતી. શ્રી સતિષભાઈ વિઠલાણીએ સભાને સંબોધીત કરી મહાપરિષદની સંપૂર્ણ કાર્યવાહી અને ઉપક્રમની જાણકારી આપી હતી અને તે કેવી રીતે સહુને ઉપયોગી થઈ શકે છે તે સમજાવ્યું હતું. મહાપરિષદની વેબસાઈટ ઉપર મુકેલ વિષયોની જાણકારી સાથે જ, લગ્નસેતુ, ગૃહઉદ્યોગ, સ્કીલ ડેવલપમેન્ટ, બાલ સંસ્કાર આધ્યાત્મિક શિબિર, મહાજનવાડીનો ઉપયોગ, મહાજનોની લિસ્ટ, આરોગ્ય નિધી, શિક્ષણ નિધી, લાડુમા ધામેચા શિક્ષણ સહાય નિધીનો વિશેષ ઉલ્લેખ અને તે જ્ઞાતી માટે કેવી રીતે ઉપયોગી હોય છે તેનું માર્ગદર્શન કર્યું હતું. શ્રી સતિષભાઈના સરસ એવા ઉદબોધન






માટે મંત્રી શીલાબેન હિંડોચાએ ધન્યવાદ પાઠવી તેમનો ભાવભીના શબ્દો વડે આભાર વ્યક્ત કરેલ હતો.

જલગાવ થી જ્યોતીબેન રાજપોપટ, હિંગણઘાટ થી સીમાબેન ચંદારાણા - મનોજભાઇ ચંદારાણા, યવતમાલ થી કવિતાબેન કારીયા, ગોંદિયા થી રચનાબેન વડેરા – વર્ષાબેન સોનછાત્રા - દિપ્તીબેન સોનછાત્રા, ચંદ્રપુર થી હીનાબેન પોપટ - રેખાબેન કારીયા, ધાટંજી થી દીપિકાબેન ગંઢેચા - ભારતીબેન સૂચક - હંસાબેન અટારા, ગઢચીરોલી થી બીનાબેન ઉનડકટ - મોનાબેન ઉનડકટ, રાલેગાંવ થી મધુબેન કારીયા, નાગપુર થી અલકાબેન પલણ - જયશ્રીબેન ઠક્કર - હેમાબેન રાજા, આકોલા થી સોનલબેન ઠક્કર - કિર્તીબેન આડતીયા - ભક્તિબેન ઠક્કર, નાન્દુરા થી કલ્પનાબેન બરાલિયા તથા વિદર્ભના તમામ શહેરથી પધારેલ સહુએ શ્રીમતી રશ્મિબેન તેમજ શ્રી સતિષભાઈ વિઠલાણીનું ભાવભર્યું સ્વાગત કરેલ હતું. વિદર્ભના નવ નિયુક્ત પેટા સમિતિઓના અધ્યક્ષ તથા મંત્રીઓનું શ્રીમતી રશ્મિબેનના હસ્તે પીન આપી સન્માન કરવામાં આવેલ હતું. અંતે વિદર્ભ થી પધારેલ બહેનો તથા મહિલા મંડળ તરફથી શ્રીમતી રશ્મિબેન તથા શ્રીમતી શીલાબેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં નાગપુર, ચંદ્રપુર, આકોલા, અમરાવતી, યવતમાલ, ભંડારા, દિયા, હિંગનઘાટ, વર્ધા, પુસદ, દિગસ, ધામણગાવ, આકોટ, જલગાવ, જામોદ, ચીખલી, નાંદુરા,










ગડચિરોલી, ઘાટંજી, રાલેગાવ, મલકાપુર, આદિ ગામોનો સમાવેશ હતો. શ્રીમતી હેતલબેન હિંડોચા વતી માનવંતા મહેમાનો તેમજ સહુ આમંત્રિત બહેનોનો આભાર વ્યક્ત કરી ખૂબ જ સૌજન્યપૂર્ણ અને સ્નેહ ભર્યા વાતાવરણમાં આ સભાની પૂર્ણતા થઈ હતી.

મહિલા સમિતી મિટીંગની સમાપ્તી પછી આયોજીત ભાગવત સપ્તાહ દરમિયાન જ્ઞાતી બહેનોવતી બનાવેલ વિવિધ ગૃહઉપયોગી વસ્તુઓ રંગોળી, તોરણ, આરતી થાળી, ઠાકોરજીના શણગાર - પોષાક, અથાણા, પાપડ, ફરાળી વસ્તુઓની પ્રદર્શની એવં વેચાણ માટેના સ્ટોલનું ઉદ્ઘાટન શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેનના હસ્તે કરવામાં આવેલ હતું. શ્રીમતી રશ્મિબેનને દરેકે દરેક સ્ટોલ પર જઈ બહેનો વડે બનાવેલ વસ્તુઓના વખાણ કરી બહેનોને પોતાના હુન્નર થકી આગળ આવી આત્મનિર્ભર થવા પ્રોત્સાહિત કરેલ હતા. આ સાથે વિદર્ભ અધ્યક્ષ શીલાબેન પોપટ અને ગૃહઉદ્યોગ અધ્યક્ષ નેહાબેન રાજાએ પણ સ્ટોલની મુલાકાત લીધી હતી.



# શ્રી લોહાણા મહાપરિષદના વિદર્ભ વિભાગ ગૃહ ઉદ્યોગ



શ્રી લોહાણા મહાપરિષદના વિદર્ભ વિભાગ ગૃહ ઉદ્યોગ સ્વયંસિધ્ધા નારી સમિતિના અકોલા રિજન દ્વારા શનિવાર તથા રવિવારના ૧૯-૦૮-૨૦૨૩ તથા ૨૦-૦૮-૨૦૨૩ના રોજે સવારે ૧૧.૦૦ વાગ્યા થી રાતના ૮.૦૦ વાગ્યા સુધી શ્રી જલારામ બાપાના મંદિર માં ગૃહ ઉપયોગી વસ્તુઓનો તેમજ ખાદ્ય સામગ્રી તથા પૂજા સજાવટ સામગ્રી ની પ્રદર્શની એવમ વેચાણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં બાપાને દીપ પ્રજવલન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, વિદર્ભના ગૃહઉદ્યોગ પ્રમુખ શ્રીમતી નેહાબેન રાજા તથા અકોલા વિભાગ ના અધ્યક્ષા સોનલબેન ઠક્કર એ વર્ચ્યુઅલ હાજરી આપી હતી. તેમજ બધાને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રાધાબેન સવજીયાણી એ કરેલ દીપ પ્રજવલન તથા ધ્વજ વંદન ગીત તથા કાર્યક્રમની પ્રસ્તવના સૌ કીર્તિબેન આડતીયા જેઓ વિદર્ભ ગૃહઉદ્યોગ સ્વયંસિધ્ધા નારી સમિતિ અકોલા ખાતેના પ્રમુખોએ કરેલ હતી.

કાર્યક્રમમાં મહિલા મંડળના અધ્યક્ષા સૌ. સોનલબેન રૂપારેલ તેમજ ભૂતપૂર્વ મહિલા મંડળના બધા જ પ્રમુખ બહેનો તેમજ વરિષ્ઠ મહિલા મંડળના સભ્યો એ હાજરી આપી બધી બહેનોને આશિષ વચન કહી ને વધાવ્યા હતા. તેમજ પ્રમુખ શ્રી લોહાણા મહાજનના શ્રી મનસુખભાઈ ભાટી, પ્રમુખશ્રી જલારામ મંદિરના શ્રી નંદકિશોરભાઈ દ્રોણ, પ્રમુખ શ્રી વિદ્યાર્થી ભવન ના શ્રી રવિન્દ્રભાઈ





સાયાણી, પ્રમુખશ્રી રઘુવંશી મંગલ કાર્યાલયના શ્રી ચંદ્રકાંતભાઈ આડતિયા, પ્રમુખ શ્રી લોહાણા યુવક મંડળ ના શ્રી પરાગભાઈ આડતિયા નું માર્ગદર્શન તેમજ આશીર્વાદ મળેલ હતા. અકોટ થી સૌ રાખીબેન મણિયારે આરતીની થાળી અને ઘરની સજાવટની વસ્તુઓ, કાજલ કારીયા એ દાબેલી અને રાખડી, નયનાબેન ગોયલે તૈયાર બ્લાઉઝ અને બનારસી ઘાઘરા, કુંદન ચોલેરા એ ચિલ્ડ મોતી ના શ્રૃંગાર, અર્ચના વસાણી એ ઓક્સીડાઈસડ જવેલરી, કુંદન કારીયા એ પાણીપુરી, લીના વસાણી એ પાવભાજી, અમરાવતી થી યોગીતા રાઈછડા એ ઠાકુરજીના શ્રૃંગાર તથા હેંડમેડ જવેલરી, અકોલા થી કોમલ ચાંદરાણી એ ચણીયા ચોળી, મીનાક્ષી કારીયા એ ખાખરા પાપડ ને ચીપ્સ, ભક્તિ ઠક્કરે નવરાત્રી ની જવેલરી, સોનિયા કારીયા એ કુર્તી અને સ્કર્ટ, સોનલ રૂપારેલે આલુ ની પેટીસ, દક્ષા પલણે મીસળ પાવ, જીનલ આડતીયાએ નારી શ્રૃંગાર ની વસ્તુઓ, લતાબેન બુધ્ધદેવે ખાટ્ટા તેમજ મીઠા અથાણા, ખુશી મણીયારે રેડીમેડ રાંગોળી તેમજ ચીપ્સ ના સ્ટૉલ મુકેલ હતા. બે દિવસમાં લગભગ ૧,૫૦૦ થી ૨,૦૦૦ ભાઈઓ તથા બહેનો એ હાજરી આપી હતી અને પ્રદર્શની તથા નાસ્તાનો લાભ લીધો હતો. અકોલા ગૃહઉધ્ધોગ સમિતિના કારોબારી શ્રીમતી પૂજા પોપટ, શ્રીમતી ભાવના કારિયા, શ્રીમતી રાધા સવજીયાણી, શ્રીમતી નિકિતા ગણાત્રા, શ્રીમતી રાધિકા જીવાણી, શ્રીમતી અર્પિતા પાઉ, શ્રીમતી સ્વાતી ઠક્કર, શ્રીમતી હીના કારીયા અને શ્રીમતી ખુશી મણીયારે પુરોપુરો સહકાર આપ્યો હતો. તકનિકી સહાયતા વરુણભાઈ રૂપારેલ, કૃષ્ણા આડતીયા, સાક્ષી કારીયા તેમજ વૈભવભાઈ એ કરેલ હતી.

શ્રીમતી ભાવના કારીયા દ્વારા આભાર વિધિ વ્યક્ત કરવામાં આવેલ હતી, અકોલા રીજન ના શ્રીમતી કીર્તિબેન દ્વારા આભાર વિધિ વ્યક્ત કરવામાં આવેલ હતી અને અકોલા રીજન ના શ્રીમતી કીર્તિબેન આડતીયા ના અધ્યક્ષતામા આ સફળ કાર્યક્રમ લેવામાં આવ્યો હતો.



# मध्य भारत विभाग, जोन ११ के विस्तार क्षेत्र अंतर्गत मध्य प्रदेश रीजन २ में श्री जबलपुर लोहाणा महाजन का नव गठन




*जय रघुवंश     जय श्री कृष्ण     जय जलाराम     जय महापरिषद*

मध्य प्रदेश के रीजनल प्रमुख डॉक्टर राजेश धिरावानी एवम रीजनल सचिव तरुणभाई ठक्कर के निमंत्रण पर रविवार, दिनांक ०६.०८.२०२३ को किसनभाई मिरानी (ट्रस्टी: श्री लोहाणा महापरिषद) के सानिध्य में एवम प्रकाशभौ दावडा (जोनल प्रमुख: मध्य भारत विभाग, जोन ११) के नेतृत्व में उनकी पूरी टीम रायपुर से ४२५ किलोमीटर का सफर तय कर जबलपुर पहुंची।

कार्यक्रम की शरुवात गणेश वंदना एवम दीप प्रज्वलन करके की गई। तत्यश्चात मातृ संस्था का ध्वज गीत गाया गया।

सर्व प्रथम जोन प्रमुख प्रकाशभाई दावडा द्वारा उद्बोधन दिया गया। जिसमें महापरिषद क्या है? उनकी विचारधारा, कार्य शैली एवम कार्य क्षेत्र एवम कार्य प्रणाली से अवगत कराया गया।

द्वितीय छत्तीसगढ के रीजनल प्रमुख शैलेशभाई कारिया के द्वारा अपने उद्बोधन में महापरिषद द्वारा गठित विभिन्न २६ कमिटी की संक्षिप्त जानकारी दी गई। एवम आरोग्य सेवा के बारे में विस्तारपूर्वक वर्णन किया गया।

तृतीय क्रम में शिक्षण सहाय कमिटी के जाने चेयरपर्सन हितेंद्र तन्ना के द्वारा अपनी कमिटी के बारे में विस्तारपूर्वक जानकारी दी गई।

चतुर्थ क्रम में लग्न विषयक कमिटी के चेयरपर्सन यशेषभाई रायचुरा ने अपने उद्बोधन में महापरिषद की हाल ही में लॉन्च की गई lmplagansetu.com वेब साइड के बारे में विगतवार उसके फीचर्स, फिल्टर, सेफ्टी, बहु उपयोग इत्यादि संपूर्ण जानकारी दी गई एवम अधिक से अधिक इससे जुडने हेतु आहवान किया गया।

पंचम क्रम में स्किल डेवलपमेंट कमिटि के चेयस पर्सन ललितभाई जोबनपुत्रा के द्वारा अपने विभाग की संपूर्ण माहिती एवम भावी योजनाओं से अवगत कराया गया।

उपसंहार के रुप में जोन प्रमुख प्रकाशभाई दावडा के द्वारा डॉक्टर्स कमिटी, गृह उद्योग, बिजनेस







कमिटी, इत्यादि के बारे में प्रकाश डालते हुए सभी को महापरिषद की मुख्य धारा से जुडने हेतु आहवान किया गया।

## महाजन का गठन

लोहाणा महापरिषद की गतिविधियों से विस्तारपूर्वक अवगत कराने के उपरांत लोहाणा महापरिषद की विधिनुसार श्री जबलपुर लोहाणा महाजन का गठन किया गया।

मंच संचालक शैलेशभाई द्वारा नव गठित पदाधिकारी / कार्यकारिणी एवम संरक्षकगण का नाम वाचन किया गया जिसे पूरी सभा ने एक मत से स्वीकृति प्रदान की। तत्पश्चात नव गठित महाजन की टीम को सम्मुख आमंत्रित कर सर्वप्रथम महाजन प्रमुख श्री डॉक्टर राजेश धीरवानी को महापरिषद ट्रस्टी किसनभाई मीरानी ने महापरिषद का ध्वज अर्पण किया, शाल ओढाकर, बैच लगाकर, मोमेंटो देकर एवम इसी क्रम में प्रमुख प्रकाशभाई दावडा द्वारा प्रत्येक पदाधिकारी को उपेणना, बैच, मोमेंटो से सम्मानित कर महाजन के नव गठन की विधि पूर्ण की गई।

श्री लोहाणा महाजन के साथ साथ श्री लोहाणा महिला मंडल का भी नव गठन किया गया जिसकी अध्यक्षा सोनाबेन जोबनपुत्रा नियुक्त की गई।

तदुपरांत जबलपु समाज के वरिष्ठजन वडीलो एवम मातृ शक्ति को श्रीफल एवम शॉल से किसनभाई एवम प्रकाशभाई द्वारा सम्मानित किया गया।

